# રામચંદ્ર પટેલના નિબંધ સંગ્રહમાં 'માટીની મહેક અને મોભનું મૂલ્ય' – 'માટી અને મોભ'

મકવાણા હેમલતા બી.

*પીએચ.ડી. શોધછાત્ર ગુજરાતી ભાષા સાહિત્ય ભવન મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી*

*doi.org/10.64643/IJIRTV12I8-191225-459*

રામચંદ્ર પટેલની જન્મભૂમિ અને કર્મભૂમિ તેમનું વતન ઉમતા જ રહ્યું છે. તેમનો જન્મ ૧ ઑગસ્ટ ૧૯૩૯ના રોજ (હાલ)મહેસાણા જિલ્લાના ઉમતામાં થયો. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ઉમતા અને વિસનગરથી લીધું. ચિત્રકળામાં રસ હોઈ એસ. એસ. સી. પછી સી. એન કલાવિદ્યાવિહાર, અમદાવાદમાં જોડાયા અને ડી.એમ.ની પદવી મેળવી. ઉમતા પાછા ફરી ચિત્રશિક્ષક તરીકે હાઈસ્કૂલમાં જોડાયા જ્યાં ૩૮ વર્ષ સેવા આપી નિવૃત થયા. તેમના સર્જનકાર્યમાં ગ્રામ્ય જીવન, કૃષિ અને કુદરત સાથેનો અદમ્ય નાતો સતત નર્યા નીર જેવો છલકાતો જોવાં મળે છે. તેમની છાંદસ, અછાંદસ રચનાઓ અનુક્રમે 'મારી અનાગસી ઋતુ' અને 'પદ્મનિદ્રા' માં કુદરત અને કુદરત સાથેનો પ્રેમ સ્પષ્ટપણે જોવા મળે છે અને 'સમાંતર' નામે કાવ્યસંગ્રહમાં ૮૧ જેટલી કવિતાઓ સંગ્રહાયેલી છે. તેમણે આપેલી નવલકથાઓ જોઇએ તો, 'એક સોનેરી નદી', 'પૃથ્વીની એક બારી', 'વરાળ', 'સ્વર્ગનો અગ્નિ', 'અમૃતકુંભ', 'ચિરયાત્રી', 'રાજગઢી', 'મેરુયજ્ઞ', 'અંગારક', 'સોનેગરૂ', 'અરણ્યદ્વાર' વગેરેમાંથી ચિરયાત્રી નવલકથામાં તેના નાયકને રણમાં સમાય ગયેલા પોતાના ગામના ભૂતકાળને વાગોળતો કલ્પ્યો છે. તેમના ટૂંકી વાર્તાસંગ્રહો 'સ્થળાંતર', 'બગલથેલો' અને 'અગિયાર દેરાં' મનોવૈજ્ઞાનિક પ્રભાવ અને ગ્રામીણ પર્યાવરણમાં રચાયેલી કૃતિઓ છે. તેમણે આપેલા નિબંધ સંગ્રહોમાં બે એવા પ્રકારના સંગ્રહો છે જેમાં ગ્રામ્ય જીવન, કૃષિ જીવન અને પ્રકૃતિના અમૂલ્ય તત્ત્વો સાથે જીવી જાણનાર સર્જકે તેમના એ જીવનનો અમૂલ્ય અનુભવ વહેંચ્યો છે. તેમાંનો એક એટલે 'અડધો સૂરજ સૂકો, અડધો લીલો' અને 'માટી અને મોભ'. આ બન્ને નિબંધો લલિત- સર્જનાત્મક સંગ્રહો છે તેવું સર્જક તેમના નિવેદનમાં જણાવે છે. અહીં આપણે 'માટી અને મોભ' સંગ્રહ વિશે સર્જક માટીની મહેક અને મોભના મૂલ્યને કેવું આંકે છે તે વિશે અહીં ચર્ચા કરવાનો ઉપક્રમ છે. તો હવે તે જોઇએ,

 ISSN: 2349-6002

આ નિબંધ સંગ્રહમાં પ્રથમ બે નિબંધ 'માટી' અને 'મોભ' માટીની મહેક અને મોભનું મૂલ્ય શું છે તે સમજાવવા કદાચ સર્જકે તેને પહેલા આલેખ્યા. જે સ્થળકાળમાં તેમણે સમય વિતાવેલો છે તેને ભૂતકાળના સમય સાથે વાગોળે છે. સર્જક અહીં કહે છે કે કોઈ પણ વ્યક્તિનો વીતતો જતો સમય એ તે વ્યક્તિના સારા-ખોટા જીવતરની પીછોઇ વણતો રહે છે. એમ જ જીવનરૂપી વસ્ત્ર સમયના તાણાવાણાથી જ રચાતું હોય છે, તેનાથી બનતું ગલગોટાનું ભરત કામ એ જીવનમાં આવેલી યાદગાર ક્ષણોનું પ્રતીક છે. એમ સર્જક ભૂતકાળને રાતરાણીના છોડ જેમ અનુભવે છે. સર્જક સ્મૃતિમાં ઉદ્ભવતા મધુર સંબંધોની વાત કરે છે. તેમના આ નિબંધમાં માટી સાથે જોડાયેલ અતૂટ નાતો, તેમનો સ્વાનુભવ, બાળપણમાં ઘર-આંગણાની લીપણ માટીથી લઇ વિવિધ સ્વરૂપો તેમણે જોયા છે તેની રસાનુભતિઓ સર્જકે આપણી સાથે વહેંચી છે. બાળપણમાં તેમણે માણેલા માટી સાથેના જોડાણને સર્જનાત્મક રીતે અને સરળ શબ્દોમાં બાળપણના નિર્દોષ આનંદને વ્યક્ત કર્યો છે. તે જ માટીના જુદાં સ્વાદ, સુગંધ, પ્રકૃતિના વિવિધ સ્વરૂપો તેમના વર્ણનોમાં તાદૃશ્ય કરાવે છે તે જોઇએ, 'એ જળમાં માછલી થઇ તરે, ફરે. માટી પાછી વડ, જાંબુડા, આંબલીઓ ઉપર ચઢીને ટેટા, જાંબુરૂપે ટપકે... પાકો ટેટો પોચો, પણ ગળચટ્યો. જાંબુ લાગે ખટમીઠાં. આંબલી-આમળાં પાકે તોય ખાટાં. કારેલું ખાધું તો કડવું. તુરું તુરીયું. કેટકેટલાં માટીના રૂપ-રંગ, વળી સુગંધ-સ્વાદ જુદા જુદા.'(પૃ.૯) વરસાદ આવવાથી માટીમાં થતા ફેરફારોને સર્જક એક ઉત્સવ તરીકે જુએ છે કેમ કે જ્યારે વરસાદ પડે છે ત્યારે માટીને રાહત મળે છે એમ સર્જકને પણ રાહતનો અનુભવ થાય છે. સર્જક માટે માટી માત્ર ધૂળ નથી પરંતુ જીવજંતુઓનું ઘર છે. તેમાં દેડકા, મંકોડા, ઇન્દ્રગોપ, કાનખજૂરા અને અળસિયા તો ખેડૂતના પ્રથમ માટી ખેડનાર છે. માટીમાંથી આવતી વિશિષ્ટ સુગંધ સર્જકને સ્પર્શે છે. માટી પર પડેલું પાણી તેને સ્વચ્છ અને શુદ્ધ કરે છે, જે સકરાત્મક અને શુદ્ધ અનુભવ કરાવે છે. તેમના વર્ણનોનું ગદ્ય કાવ્યાત્મક સ્તરનું છે કે 'ન કણ ઉગે ન જણ બને, માટી મર્યાદા તોડે તો રણ બને.'(પૃ.૧૧) તે આ વાક્ય રચનામાં જોઈ શકાય. માટીમાંથી બ્રહ્માંડ પણ રચી શકાય જેને નવરાત્રિના ગરબામાં પ્રજ્વલિત દીપકના રૂપકથી ખૂબ સરસ રીતે સમજાવે છે. માટી સાથે સ્ત્રી શક્તિનો અનેરો ઉત્સવ એટલે નવરાત્રિ. એક જીવમાંથી બીજા જીવમાં રૂપાંતર પણ માટી કરે. પ્રકૃતિનો આદર અને ઉપકાર ભાવ કરતા પણ સર્જક શીખવાડે છે. આધુનિક સમયમાં સ્વાર્થી મનુષ્ય માટીમાં રસાયણ પ્રક્રીયા કરી તેને ગંદી કરે છે પણ વૃક્ષો તેના મૂળમાં પાણીનો સંગ્રહ કરી માટીનો ઉપકાર ભૂલતાં નથી. સર્જક અંતે માટીના મૂલ્યને ઊંચું આંકવા એક લોકકથા પણ ટાંકે છે, જે માટીના મૂલ્યને કાંસા જેવા ધાતુના વાસણથી પણ વધુ અમૂલ્ય છે. અંતે માટીમાંથી બનાવેલ ઢૂંઢીયા(ગોળ) આકારનું લિંગ બનાવી ફરતી કન્યાઓ, માટીમાં પલળવાની મજા લઈ રહી છે તેમ સર્જક પણ અહીં તેમના ગામ-વતન સાથે માણેલી

 ISSN: 2349-6002

માટીની ગંધ-સુગંધના સ્મરણોમાં ધીમે ધીમે ભીંજાવાનો આનંદ લઈ રહ્યાં છે.

'મોભ'નો અર્થ છાપરાના ટેકા રૂપ મુખ્ય આડું લાકડું, વ્યક્તિના જીવનનો મુખ્ય આધાર સ્તંભ, જીવન જીવવાનું તત્વ એટલે મોભ. જીવનમાં મનુષ્ય સંપત્તિથી સમાજમાં એક જુદો મોભ(વ્યક્તિત્વ) ઉભો કરે છે, પરંતુ અહીં સર્જક જીવનમાં પ્રેમ ભાવના રાખી એકબીજા પ્રત્યે સદભાવનાનો ભાવ રાખીએ એ જ સાચો મોભ છે. ઘરનો મોભ (મુખ્ય તત્વ) એકબીજા પ્રત્યેનો પ્રેમ છે, નહીં કે વિશાળકાય દીવાલો ને એમાં રાચવું. સર્જક સાથે નૈસર્ગિક પવિત્રતાને પણ જુએ છે. પ્રકૃતિમાં રહેતા નાના જીવજંતુઓ, કીડીનો દર, પક્ષીના માળા, વન્ય જનાવરોની ગુફા-બૉડ વગેરે પ્રાકૃતિક રહેઠાણ સમાન છે. ઈશ્વરે જાણે અદ્રશ્ય મોભ પ્રકૃતિના તત્વો માટે મૂકેલા છે, તેમાં નૈસર્ગિક પવિત્રતાના દર્શન સર્જક કરાવે છે. મોભના મહત્વને સમજાવવા અહીં સર્જક પુરાણ, અધ્યાત્મ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ દર્શાવી આધુનિક જીવન સાથે જોડવાનો પ્રયાસ સર્જક કરે છે. જેમ આપણે ત્યાં કહેવત છે, 'મોભને ખીલા વાગે' તેમ, કૃષ્ણ યાદવ કુળના મોભ(આધાર સ્તંભ) સમાન હતા, ગાંધીબાપુ દેશના કર્તવ્ય માટે પોતાની છાતીમાં ગોળી ખાધી, તેમ સમ્રાટ અશોકના ધર્મ પ્રત્યેની પ્રતિષ્ઠાનું પ્રતીક અશોક સ્તંભ અને ગુપ્ત સામ્રાજ્યના ધાતુ શાસ્ત્રનું પ્રતીક લોહ સ્તંભ એમ ઐતિહાસિક સંદર્ભ ટાંકી સર્જક ખાંભી રૂપ મોભ કર્તવ્ય બરાબર એમ કહે છે.

'ખડકી' નિબંધની શરૂઆત તેમના 'ખડકી' સૉનેટથી કરે છે, જેમાં ખડકીની બાહ્ય આકૃતિનું આલેખન તેના આકારને વધુ સાકાર કરવા તેનાં દરેક અંતરામાં વાસ્તવિક-ચિત્રને શબ્દ-ચિત્ર દ્વારા બખુબી ચિતર્યું છે. ખડકી શબ્દના વિવિધ પર્યાયોથી આપણને પરિચિત કરે છે પરંતુ તે પહેલા તેની એક નાનકડી પરિભાષા આપે છે, 'રહેઠાણની આગળ બાંધેલી બારણા વાળી મોટી જગ્યા.' (પૃ.૨૧) તેના નામ જે-તે વર્ગના કામ-અર્થને આધારે પડ્યા છે તેમ જણાવી રાજપૂત-ઠાકોરના રહેઠાણના ભાગને વાડો કે વાંસ, રબારીનો નેસડો, કારીગર વર્ગની ખડકી, શાહ-સોદાગર, વાણીયા માટે ઓળ, બ્રાહ્મણોની બ્રહ્મપુરી કે ચકલું વગેરે નામથી ઓળખાવે છે. તેને એક રૂપક તરીકે પ્રયોજી અને જીવન સંદર્ભ અને જુદી જુદી પરંપરાઓ સાથે એને પ્રયોજી છે. સર્જકે અહીં ખડકીને એક પ્રતિક તરીકે પ્રયોજી અને ગ્રામ્ય જીવનની સંસ્કૃતિ, સુંદરતા, સંવેદનશીલતા, પરંપરાઓનું મહત્વ, સામાજિક રિવાજો, ધાર્મિક સાંસ્કૃતિક વારસાના પ્રતિક તરીકે, માતૃ સંવેદન વગેરે બાબતોથી આત્મ સંવેદનાત્મક અનુભૂતિ સર્જક આ નિબંધ દ્વારા કરાવે છે. ખડકીને એક વ્યક્તિ તરીકે પ્રયોજી સજીવારોપણ અલંકાર દ્વારા તેને એક જીવંત વ્યક્તિ આલેખી છે. જાણે એ જ આખા ગામને માટે બધી જ તકલીફો વેઠવા માટે હંમેશા આગળ હોય. તેમણે ખડકીને સર્વજ્ઞ કથક દ્વારા પ્રયોજી અને સમગ્ર માનવ જાતને પણ એક સંદેશ આપે છે કે બીજાના દુઃખ-દર્દો પોતે આગળ આવીને વેઠે છે, એવી અડીખમ આ ખડકીની પણ કેટલીક

 ISSN: 2349-6002

જવાબદારી છે. એ ખડકી જ જાણે ઘરની કોઈ એવી વ્યક્તિ છે, જે હંમેશા દરેક પરિસ્થિતિમાં એ હાજર રહી છે, તેણે બધી જ તકલીફો, ઘરની બહાર કે અંદર બનનારી ઘટનાની એ જાણે સાક્ષી રૂપ અડીખમ ઊભી છે. તેને ઘરની ચોકી કરવાની હોય, દીકરીને વળાવવા માતા સમાન કઠણ હૃદય રાખી વિદાય આપવાની હોય, વિવિધ ઉત્સવો ઉજવાતા હોય કે પછી ઘરના કજીયા-કંકાસના સારા-માઠાં પરિણામોની પણ એ સાક્ષી હોય, ગમે તે ઋતુની પણ એ સાક્ષી પુરનારી એક સદસ્ય જાણે હોય તેમ સર્જક તેને અહીં આલેખ છે. તેમના નિબંધોમાં તેમની માટી સાથેની મહેક અને મોભના મૂલ્યો તેમના સાદગી ભર્યા જીવન અનુભવોથી અહીં સાર્થક થાય છે.

'કોઢ' એટલે કારીગરોના કામ કરવાની જગ્યા. તે કોઢ એટલે તે વખતના કારીગરોની નિપુણતા. સૌ એકબીજાના સુખ, દુઃખના ભાગીદાર. કોઢ એટલે માત્ર સુથાર, લુહાર, દરજી, વાળંદ, કડિયા કામ કરે તે જ નહીં પરંતુ ખેતરમાં ખેડૂત ધાન્ય પકવે ત્યારે ખેતર પણ કોઢનું સ્વરૂપ. તે વખતે ગામના સારા-નરસા પ્રસંગોમાં સાથે મળી લાડુ કે શીરાના જમણ થતા અને એમ મીઠા ઓડકાર લેવાતા જે ગામની એકતા દર્શાવે છે. કોઢ માત્ર કારીગર માટે જ નહીં પશુ-પક્ષીઓની સારવાર માટે પણ ઉપયોગી બની રહેતું. દરેક કારીગરના કામ કરવાનો સમય જુદો તેમ છતાં એકબીજાને માટે હંમેશા તૈયાર, એટલે તો સર્જક કહે છે મારું ગામ 'નવસો નવ્વાણું નાડીનું ગામ.' જે તેમના ગામની મજબૂત એકતાના પ્રતીક તરીકે સૂચવે છે. કોઢ અને તેમાં કામ કરનાર કારીગર વર્ગને સર્જકે ખૂબ નજીકથી જોયા હશે માટે તેની પ્રક્રિયા હૂબહૂ આલેખી શક્યા છે. કોઢ માત્ર કારીગરના કામ કરવાના સ્થળ તરીકે જ નહીં પરંતુ ત્યાં તેના હુન્નર,કાબેલિયત અને ઘર સંચાલન માટે વારસદાર તરીકે પોતાના કામ કરી જાણનારા વર્ગો આજે યાંત્રિક જીવનમાં ક્યાંય ખોવાઈ ગયા છે. એવા કામ કરી જાણનારા કેટલાક વ્યક્તિ-ચિત્રોના આછા લસરકા પણ જોવા મળે છે. મનુષ્યમાત્રનું મન પરિવર્તન માંગે છે એમ છેલ્લે સર્જક પોતાનું ગામ માટીથી દૂર કેમ થઈ ગયું છે, તે તેમના ઘરમાંથી મળી આવતા એ ભંગારની હાલતમાં પડેલા સાધનોથી થાય છે. અંતે આ વાક્યથી આધુનિકતાનો પ્રવેશ થઈ ચૂક્યો છે તે દર્શાવે છે, 'ગામ હવે કલાઈનો ઢોળ પીવા માંડ્યું છે.'(પૃ.૩૫)

'નિભાડો' નો અર્થ થાય અગ્નિમાં પકવવા ગોઠવાયેલાં માટીનાં ઈંટ-વાસણોનો ઢગલો. જે કુંભારની ભઠ્ઠી તરીકે ઓળખાય. નિભાડો સૉનેટ રચનાથી નિબંધની શરૂઆતમાં નિભાડાના બાહ્ય દેખાવ વિશે અને તેની પ્રક્રિયા વિશે સૉનેટમાં તેનું વર્ણન કર્યું છે. કુંભાર માટીના વાસણો નિભાડામાં પ્રચંડ આગ પ્રજવલિત કરી પકવે છે, સર્જક નિભાડાને પ્રતિક તરીકે લઈ જીવન સંદેશ આપ્યો છે કે સંઘર્ષ, તપસ્યાને અંતે જીવન સુંદર અને પરિપક્વ બને છે. નિભાડાના મહત્વને સમજાવવા પૌરાણિક સંદર્ભ અને સંવેદના દર્શાવી ભક્ત પ્રહલાદની કથામાં બિલાડીના બચ્ચાનું રક્ષણ થવું એ માત્ર ચમત્કાર નહીં પરંતુ

 ISSN: 2349-6002

પ્રકૃતિ અને પરમાત્માની કરૂણતાનું પ્રતિક છે. આ પૌરાણિક કથાને નિબંધના વિષય સાથે વણી લેવી એ લેખકની ઉચ્ચ કક્ષાની કલ્પના શક્તિ ધરાવે છે. સર્જક માનવમાત્રના હૈયાને નિભાડાનું બિરુદ આપે છે. નિભાડાને એક ગર્ભ તરીકે કલ્પ્યું છે, પછી તેમાં પશુ-પંખીના ફરજંદ સેવાય કે પછી પ્રકૃતિમાં રહેલી વનસ્પતિ કે પછી ધરતી પર ધન-ધાન્ય પકવતી તાપ-તડકા વેઠી ઋતુ-ઋતુના ઘર્ષણ સેહતી માટી પણ જાણે નિભાડો. આ નિબંધ માત્ર ઈંટોની ભઠ્ઠી વિશે નથી પરંતુ તે અગ્નિ પરીક્ષામાંથી પસાર થઈને પરિપક્વ થવાની પ્રક્રિયાનો સુંદર દસ્તાવેજ છે. સર્જકની સર્જનાત્મકતા માટી જેવી સામાન્ય વસ્તુમાં પણ પરમાત્મા અને સંસ્કારના દર્શન કરાવે છે તે છે.

'ગાલ્લુ' એટલે ગાડું. મનુષ્ય જીવનની પ્રગતિનુ ચિહ્ન-આધાર એટલે પૈડું. તેમણે ભારતીય સંસ્કૃતિના ચિન્હરૂપ અથવા તે સંસ્કૃતિના આરંભના પ્રતિક રૂપ પૈડાની શોધ અને પછી તેના બદલાતા સ્વરૂપો વિશે પૈડાથી રથ સુધીની પરિવહનની પ્રગતિ વર્ણવી છે. ભારતીય પ્રાચીન પરિવહન વ્યવસ્થા અને રથોનું મહત્વ આજની આધુનિક પરિવહન વ્યવસ્થા સાથે સર્જક વિરોધાભાસ જુએ છે. તે સમયે પરિવહનના સાધનોની વૈવિધ્યતા પણ તેમની સમૃદ્ધિ, પરીવેશ અને બળકટતા દર્શાવનાર હતા. રાજા-મહારાજાઓના રથ જસતથી મઢાયેલા અને રથવહેલ માંડવણીઓ, પર્વતીય પ્રદેશના રથો સાગસ્ત-સીસમ(સાગ-સીસમ), દેવદાર ચીલના મજબૂત લાકડામાંથી, તો હેડંબા જેવા આરણ્યવાસીના પુત્ર ઘટોત્કચનો રથ લોખંડ અને રીંછના ચામડા મઢ્યો. જે શક્તિ અને ભયાનકતા દર્શાવે છે. ગાલ્લાના દેહને વાચકની સ્મૃતિમાં ફરી ઊભું કરી દે તેવી રીતે તેના અંગ-અવયવોની ગોઠવણની એક આખી પ્રક્રિયા સર્જક ભાવક સમક્ષ તાદ્રશ્ય કરી આપે છે. અહીં સર્જક ગાલ્લાની મહત્તા, પૌરાણિક સંદર્ભો, તેના ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક ઉપયોગો જણાવી ગાલ્લાના પ્રતિક સ્વરૂપ જીવન સમૃદ્ધિ પણ જે તે સમયમાં હતી તે દર્શાવી શક્યા છે.

'હળ'ના સ્પર્શથી સર્જક તેના બાળપણમાં સરી પડે છે. હળને અહીં એક સાધન તરીકે નહીં પરંતુ ભૂતકાળમાં બનેલી એક ઘટનાના પ્રતિક તરીકે વર્ણવે છે. તડકાના આકરા તાપને સહ્યા બાદ વરસાદ અને તેમાંથી ઉદભવતી માટેની સુવાસ વગેરે વર્ણનો સર્જક રૂપકો અને અલંકારના પ્રયોગથી વધુ જીવંત બનાવે છે. તેમાં જોઈએ તો, 'તડકો પીતાંબર પહેરેલો કનૈયો.', 'બળીજળી બરડ ખેતરમાટી તો તપતી જુવાન વિધવા!', 'ચોમાસામાં વાયરો હળવો હળવો વાય, જાણે બાજરાના રોટલા સાથે ઘૂંટડે ઘૂંટડે પીધેલી છાશની મીઠાશ.' (પૃ.૪૯) વનવગડામાં શૂર્પણખાની જેમ લૂ એકલી હરે ફરે.' (પૃ.૫૦) વગેરે જોઇ શકાય છે. ગ્રામ્ય પરિવેશનું ચિત્ર અને વરસાદનું જીવંત વર્ણન અહીં સર્જક કરે છે તે કેટલું કાલ્પનિક અને સુંદર છે તે જોઈએ, 'ચાસચાસમાં જસતજળ ચળકી ચળકીને નાચે કૂદે. અંતરિક્ષમાં હું વાંકો વળીને દેખું તો વાદળાં એકબીજા ઉપર ગોઠમડાં ખાતાં ખાતાં પાણીની પોઠોની ગાંઠો છોડે રાખે. છાંટેછાંટા ધુમ્મસ

જળ પડછાયા.વગડાના વૃક્ષે વૃક્ષ ઓગળી ગયા હતા.[પૃ.૫૨] સાથે પિતા પાસેથી મળેલા પૌરાણિક સંદર્ભો પણ ટાંકે છે, ‘વીજ ચમકારા, રાશ-વરત ટપક ટપક તારકો, નક્ષત્ર મંડળોમાંથી શું ફેલાઈ તણાઈ આવી છે વાદળાની ઉડતી જળમાટી, ફોરાં. બળભદ્ર પોતાનું હળ જોતરીને તો નથી બેઠા ! પિતાએ કહેલું કે આ માટીના કણ કણમાં કૃષ્ણ અને બળદેવજીવી વ્યાપેલા છે ને ધરતીમાં સમાઈ ગયેલાં કુવરી સીતાદેવીને શોધતા, અડખેપડખે નાથ મોરડા રાશ બાંધેલ બળદો સાથે હળ  જોતરીને ખેડતા ન હોય જનકરાજા !’ [પૃ.૫૨] તેમણે નિહાળેલી ફિલ્મ પણ ‘દો બીધા જમીન’માં આવતા ખેતી સાથેના સંકળાયેલા લોકો અને તેમની લાગણીના પરીવેશને સર્જક અહીં માટીના અનુબંધને અનુભવે છે. ‘બૈલો કે ગલે મેં જબ ધુંધરુ જીવન કા રાગ’ એ ગીતમાં જીવનના ગ્રામ્ય પ્રદેશ સાથે રહેલા આનંદના જીવન રાગની વાત અહીં સર્જક કરે છે. જીવનની સાદગી અને સૌંદર્ય સાથે જોડાયેલ છે આ ગીત પ્રકૃતિ પરિશ્રમ અને સામૂહિકતાનું પ્રતીક છે, જે આજના ઝડપી જીવનમાં ક્યાંક ખોવાઈ ગયું છે. સર્જક એવી સાદગી અને સરળ જીવન ફરી મેળવવાની તીવ્ર ઝંખના દર્શાવે છે.

‘કોસ’ એટલે કૂવામાંથી પાણી કાઢવાનો ચામડાનો કોથળો. એ તેમની મૂળ ગુર્જર ભૂમિ અને તેની આસપાસ આવેલી તારંગાની ટેકરીઓ અને તારા-ધારા બૌદ્ધ ગુફાઓથી માંડી પંચાસર સુધીના વિસ્તારમાં તેમણે વિતાવેલા સમયને સર્જક આપણી સમક્ષ તાદ્રશ્ય સ્વરૂપે આલેખે છે. ખેડૂતના સખત પરિશ્રમ, પરંપરાગત સિંચાઇ પદ્ધતિ (ખાસ કરીને કોષ), સંયુક્ત ખેતી વ્યવસ્થા અને પ્રકૃતિ સાથે તેમના અતૂટ જોડાણને ખૂબ જ સુંદર રીતે રજૂ કરે છે. તેમના સમયની ખેતીની પદ્ધતિઓના આજે સગડ જાણે ભૂંસાતા જાય છે અને આધુનિક સમયના યાંત્રિક મશીનોએ કોષની જગ્યા લઈ શુદ્ધ ખેતી કરવાની પદ્ધતિના પ્રાણ હરી લીધા છે, પણ આ જ એ ખેતર કુવા કે પ્રકૃતિનું એ સૌંદર્ય પણ સમય સાથે મંદપ્રાણ બનીને નિસાસા નાખી રહ્યું છે.

‘શેઢો’ એ માત્ર ખેતર ફરતે કરાયેલ માટીનો ઢગ નથી પણ તે તેનો રક્ષક છે, દરેક પ્રાણી માત્રની આંખ પર આપેલી ભ્રમરોને પણ સર્જકે તેના આંખના તેજને રક્ષા કવચ તરીકે કહી સુંદર ઉપમા આપી શેઢાની સુંદરતા અને વિશિષ્ટતા બતાવી છે. શેઢો એટલે ખેડૂતોનું વિશ્રામ સ્થાન, પ્રકૃતિ સાથેનું જોડાણ. જ્યાં ઝાડ, કૂવા, પક્ષીઓનાં કલરવ સંભળાય. શેઢો ખેડૂતની કરોડરજ્જુ સમાન કહ્યો છે. તે પવનમાં જાણે ઘોડાની કેશવાળી લહેરાતી હોય તેવું જીવંત અને સુંદર વર્ણન સર્જક કરે છે. શેઢો પ્રેમ અને એકાંતનો સાક્ષી છે. શેઢાને સંત ગુરુનાનક જેવો કહી માયાળુ કહ્યો છે, દુખિયારાનો આધાર કહ્યો છે, પાકનો રક્ષક અને મૂંગો સાક્ષી રખેવાળ કહે છે. સર્જક શેઢાને માત્ર પાળ નહીં પણ એક જીવંત વ્યક્તિ, સંત, રક્ષક અને મિત્ર તરીકે ચિતર્યો છે. સુખ દુઃખનો સધિયારો કલ્પ્યો છે. સંસ્કૃતિ, સમય અને જીવનચક્રના ધબકાર તરીકે શેઢાને અહીં સર્જકે કલ્પ્યો છે.

 ISSN: 2349-6002

'ખળુવાડ' એટલે પકવેલા અનાજને સાચવવા માટેની ખુલ્લી જગ્યા. અહીં તેમના ગામ ટીંબામાં તેમના ત્રીજી વારના વસવાટ સમયે કરેલા અનુભવો ટાંક્યા છે. ખળું લેતી વખતે સૌ કોઈની ભાગીદારી કેવી હોય તો કે, 'સૌના ખંતમાં ખાંખતની હાજરી જરૂરી' (પૃ.૭૦) એમ કહી અહીં ખેતીના કામમાં ગામની એકતા દર્શાવે છે. ખળુવાડમાં લેવાતા કઠોળ કે પાકમાં સૌ એકબીજાની મદદ નિ:સ્વાર્થ ભાવે કરે. સર્જકે તે ખળુવાડ સમયે એકબીજાને કઠોળ, અનાજ લણવા-ઉપણવા આદાન-પ્રદાન સંમતિ સાથે કરાય વગેરે ચિત્રો તાદ્રશ્ય વર્ણવ્યા છે. તેમના પિતા સાથેના કેટલાક સ્મરણો પણ તેમના બાળપણની સાથે જોડાયેલા છે તેને પણ સર્જકે અહીં ફરી જીવ્યા છે જાણે. ખળુવાડ જેવા ખેતીના કામ ધાર્મિક વિધિઓથી કરાય, ખળુવાડમાં પાક લેવા માટેની પ્રક્રિયા પણ સર્જકે ખુબ સુંદર રીતે વર્ણવી છે. તેમના નિબંધોનું લાલિત્ય તેમના અનુભવરસથી ઝળકી ઊઠે છે. ગ્રામ્ય શબ્દો પણ સહજ આવે અને તેને વધુ જીવંત કરવા માટે રૂપકો, અલંકારો પ્રયોજે છે. સતત તેમના ગામ સાથેના સાદા-સહજ અને મહેનતુ જીવનને સર્જક અહીં યાદ કરે છે. ગ્રામ્ય જીવનના, પ્રકૃતિ સૌંદર્યના દરેક તત્વોથી આપણને રસબોળ કરે છે. ગ્રામ્ય જીવન પર આધુનિક જીવનશૈલીનું થતું જતું આરોપણ લેખકને સતત ખૂંચે છે તે દરેક નિબંધમાં આપણને અનુભવાય છે.

'વાડો' એટલે ઘર પછવાડે કે ગામ ભાગોળે આંતરેલી ખુલી જગ્યા. વાડો નિબંધમાં સર્જકે તેમની સૉનેટ 'વાડો' રચના પ્રથમ મૂકી છે. જેમાં વાડો એ માત્ર એક જગ્યા નહીં પણ તેમાં રહેલી કાંટાળી વનસ્પતિ કે અસંખ્ય નાના-મોટા જીવ-જંતુઓ માટેનું આશ્રયસ્થાન તરીકે તેનું જીવંત વર્ણન કર્યું છે. વાડા માટે સર્જકે નેસડો,મહોલ્લો કે પક્ષ-તડ, જૂથ વગેરે જેવા પર્યાયોથી પણ આપણને પરિચિત કરાવ્યા છે. વાડાના રૂપક વડે જીવનની સાર્થકતા અને ક્ષણભંગુરતા સૂચવે છે. 'જે પોષતું તે મારતું' એ સંદર્ભે વાડાના રૂપકથી સર્જક સમજાવે છે. કેટલાક વાડાઓથી ઘેરાયેલા મનુષ્યને પણ ક્ષણભંગુર જીવનની સાર્થકતાને સમજાવવા 'વાડો' રૂપક સાર્થક નિવડ્યું છે.

'બીડ' એટલે ઘાસવાળી જમીન. અહીં 'બીડ' સૉનેટ રચના મૂકી તેની અંતરંગ ક્રિયાશુદ્ધિ દર્શાવવામાં હલનચલનની રીત-ભાત શ્વાસ-ઉચ્છવાસ મૂકીને બીડ એક પાત્ર તરીકે રાત-દિવસ કેવું ધબકે છે એનું કલ્પન ખૂબ સુંદર કર્યું છે. ઋતુ-ઋતુમાં એનું સ્વરૂપ કેવા નવીન આકારો ધરાવે છે, તેનું સૂક્ષ્મદર્શન અહીં સર્જક કરાવે છે. બીડને એક જીવંત પાત્ર તરીકે સર્જકે વર્ણવ્યું છે. અહીંયા આખરે સર્જક પ્રકૃતિ અને આધુનિકતા વચ્ચેના વિરોધાભાસને તેમજ યુવાનોની જીવનશૈલીને કાવ્યાત્મક ઢબે રજૂ કરે છે.

'તરુવર' એટલે તૃણ. મનુષ્યનું પ્રકૃતિ સાથેનું જોડાણ, પ્રકૃતિના રક્ષણ-સંરક્ષણ, પ્રકૃતિ થકી અધ્યાત્મ તરફ જવાની શક્તિ મળવી વગેરે બાબત સર્જક સીધા પ્રકૃતિ સાથેના જોડાણને માટી સાથેની નિસ્બતને અહીં રજૂ કરે છે. સર્જકે ખ્રિસ્તી સંતબંધુ લોરેન્સને

 ISSN: 2349-6002

વૃક્ષને ધ્યાનસ્થ ચિત્તે નીરખવાથી આત્મસાક્ષાત્કાર થયેલો, જે પ્રકૃતિ પ્રેમ દર્શાવે છે. સર્જકનો પ્રકૃતિ પ્રત્યેનો અદમ્ય પ્રેમ અહીં વૃક્ષો અને વનસ્પતિઓની સુંદર વિગતથી આપણને મળે છે. સાગ, સુબાવળ અને નીલગીરી વસંત ઋતુમાં સારા એવા વધે છે. તેમને દેશ દુનિયાના જુના વૃક્ષો અને તેના સમય, સ્થળ વિશેની ચોક્કસ વિગત પણ અહીં સર્જક આપી તે પુરવાર કરે છે. એકાંતના વાતાવરણમાય સર્જક આંતરિક અવાજો અને બાહ્ય અવાજો(પરિસ્થિતિ)નો વિરોધાભાસ અનુભવે છે. પ્રકૃતિનું ચિંતન અને તેના વિષાદમાં મિશ્રભાવો તેમના સર્જનમાં અનુભવાય છે. વૃક્ષનાં જુદા સ્વરૂપ થકી અદ્વૈત વિચારો અહીં રજૂ કર્યા છે, ' વૃક્ષ અંતરમાંય વધે, અંતરિક્ષમાય વધે છે. એના બે સ્વરૂપ. એક અદ્રશ્ય, બીજું દ્રશ્યરૂપ.'(પૃ.૯૩) વૃક્ષમાં અહમ નથી, વૃક્ષોની મહાનતા, ની:સ્વાર્થ ભાવના અને પર્યાવરણીય અનિવાર્યતાનો ભાવ પ્રગટે છે. મનુષ્યનું આત્મકેન્દ્રી અસ્તિત્વ ક્ષણ ભંગુર અને નજીવું છે. અહીં સર્જક પ્રકૃતિરાગ, યાંત્રિક જીવનશૈલી વચ્ચે પ્રકૃતિનો વિનાશ, વૃક્ષોનું મહત્વ, જીવન સાથે તેનું મહાત્મ્ય સર્જક દર્શાવે છે. સર્જકનું ચિત્ત સતત માટી સાથે જોડાઇ રહેવાના પ્રયત્નો કરે છે.

'વારિ' એટલે જળ. અહીં પંચમહાભૂતોમાં વારી(જળ)ના વિશિષ્ટ સ્વરૂપ વિશે વાત કરે છે. 'સૌથી વર(ઉત્તમ) જે છે તે વારિ.' (પૃ.૯૩) જળના અનેક સ્વરૂપો છે તેને જેમ વાળો તેમ વળે. તેને હાથ-પગ-આંખ નથી, છતાંય હલી-ચલી શકે તેવું તરલ સ્વરૂપનું. જળમાં રહેલી શક્તિ જુદા સ્વરૂપે જોવા મળે. જો રૌદ્ર સ્વરૂપ ધારણ કરે તો મચ્છુ ડેમ(૧૯૭૮) જેવો કાળો કેર વર્તાવે. પાણી વહેતું જ સારું તેને બંધીયારપણુ ન શોભે. તેમ કહી સર્જક પ્રકૃતિને તેના મૂળ સ્વભાવમાં હોય એ વધુ યોગ્ય ગણે છે. સર્જકને તેમના પિતા પાસેથી મળેલા નક્ષત્ર જ્ઞાન સાથે પ્રકૃતિના તત્વો, જ્યોતિષશાસ્ત્ર અને અધ્યાત્મિક જ્ઞાન વચ્ચેના ઊંડા સંબંધોથી ભાવકને પરિચિત કરાવે છે. 'રામ-કૃષ્ણ, શ્રી અરવિંદ કે અજન્ટા ગુફા માંથી 'બુદ્ધનું ભીક્ષા માગવા આવવું' (પૃ.૯૮) વગેરે ચિત્રાકૃતિઓ દ્વારા તેમના ચિત્ત સાધના સ્વરૂપ તેજ વર્તુળના વલયો તેમની ઉત્તમ સિદ્ધિના પ્રતિકો સમાન છે. જળ તત્વની ઉચ્ચતા, તેના મહત્વ અને ગુણવત્તા પર ભાર મૂકે છે. મહાભારતના સંદર્ભમાં જળને સ્થળમાં ફેરવી તેને પારખવાનું જ્ઞાન, તાનારીરીના દ્રષ્ટાંતથી સંગીતની શક્તિ જળ સાથે જોડી જળની શુદ્ધતા દર્શાવી છે, તેવું જ જેસલ જેવા ડાકુની અશુદ્ધતાઓ દૂર કરનાર તોરલના પ્રેમજળ દ્વારા જેસલ જાડેજાનું હૃદય પરિવર્તન કરાવ્યું, આવા આધ્યાત્મિક પૌરાણિક સંદર્ભો આપી જળશક્તિના દર્શન કરાવે છે. જળની ઉત્તમતા, ઉચ્ચતા અને શુદ્ધતાને સર્જકે જુદા જુદા સંદર્ભ દ્વારા સુંદર રીતે સમજાવ્યું છે. જળને જીવન સાથે જન્મથી મૃત્યુ સુધી અતૂટ નાતો છે. જળના કારણે કેટલીક આપત્તિઓ સર્જાય છે, તો કેટલીક વિપત્તિઓ ટળી પણ છે. જળ સાથેના પુરાણ, અધ્યાત્મ અને જ્યોતિષશાસ્ત્ર સાથે સાંકળી લઇ જળ-તત્વને, ભાવ-તત્વ, જ્ઞાન-તત્વસાથે વાચકને તેમના સ્વાનુભવો પિરસ્યા છે.

ISSN: 2349-6002

'કુંડવાવ' અહીં સ્થાપત્ય કલા સાથેના ભાવ સંવેદનો સર્જકે વ્યક્ત કર્યા છે. વાવના વિવિધ સ્વરૂપો, તેના ઉપયોગો, તેની સાથે જોડાયેલા પૌરાણિક કથાઓથી કુંડવાવના મહત્વને આ નિબંધમાં ખુબ સરસ રીતે વર્ણવ્યું છે. 'તળાવ અને ગરનાળુ' નિબંધમાં તેમના ગામ સાથેના સ્મરણો અહીં વાગોળ્યા છે. 'દીપ' નિબંધમાં જાત બાળીને જીવ માત્ર માટે અજવાળતા રહેવું, પ્રકૃતિ સાથે દીપથી સંસ્કૃતિની ઓળખ, માતા પ્રત્યેનો પ્રેમ ભાવ, કેટલાક એવા જીવન મંત્રો આ દીપની જ્યોતિ પ્રજ્વલિત થવાથી મળતા હોય છે તે નિબંધમાં સર્જકે આલેખ્યું છે. 'બડેલી અને બ્રહ્માનંદ' નિબંધમાં સાધુ સંતોની સાચી ભક્તિ ભાવના, સર્જક સાથે સાધુ-સંતોના હ્રદયંગમ સંબંધો, બડેલી દેવીની કથા અને તેમના પ્રત્યેની સાચી ભક્તિ પ્રેમ ભાવના વગેરે સર્જકની અનુભૂતિ, સાચાં ચરિત્રોના તેમના જીવન પર થયેલી અસર અહીં જોવા મળે છે. 'માણિભદ્રવીરનું મંદિર અને હું' નિબંધ માં સર્જક પોતાની વાસ્તવ ખોજ, મંદિર સાથે જોડાયેલા અનુભવો, સ્મરણો થકી કરે છે. તે સ્થળના સૌંદર્ય અને ઇતિહાસ વર્ણનો દ્વારા અલૌકિકતાના દર્શન કરાવે છે. તેમના દરેક નિબંધમાં પ્રકૃતિ સાથેનું તેમનું જોડાણ સ્પષ્ટપણે જોવા મળે છે. તેમના ગામ-વતન સાથે જોડાયેલા પૌરાણિક સ્થળો, પ્રાકૃતિક સ્થળો અને તેમાં મળતી આત્મિક શાંતિની અનુભૂતિ સર્જકને થાય છે. 'દર્શન અને દ્રષ્ટિ' નિબંધમાં સર્જકને તેમના સર્જન થકી પ્રાકૃતિક સૌંદર્યથી કાવ્યની દ્રષ્ટિ અને અનુભવોમાંથી સર્જનની દ્રષ્ટિ મળી છે, તેમની સાદગીમાં રહેલાં અદભુત સૌંદર્ય અને અનુભવ નિસર્ગને કાવ્યમાં કે ગદ્યમાં રૂપાંતરિત કરવાની સર્જન દ્રષ્ટી મળી છે, તેમના નિબંધમાં બાળપણના સ્મરણો, સ્થળ પ્રત્યેનો પ્રેમ, તેમને મળેલા કેટલાક એવાં ચરિત્રો જેણે તેમના સર્જન કાર્યની અભિવ્યક્તિમાં ફાળો આપી શક્યા તેનો સંતોષ સર્જક વ્યક્ત કરે છે.

સર્જક સતત માટી સાથે જોડાયેલા, પ્રકૃતિ સાથે જોડાયેલા, પરંપરા, સંસ્કૃતિ, ધાર્મિક આધ્યાત્મિક, પૌરાણિક, સંદર્ભો વગેરેથી આપણને સર્જકની માટી સાથેની નિસ્બત સ્પષ્ટ પણે દેખાય છે. માટીની મહેક અને મોભનુ મૂલ્ય સર્જક તેમના દરેક નિબંધમાં જુદા રૂપે રંગે કરાવી શક્યા છે. સર્જક તેમના સ્મરણોમાં સતત માટીની સુગંધ અનુભવે છે અને પરંપરાગત ખેતીનાં કાર્યને મોભ જેટલું મૂલ્ય આપી તેમના સર્જનને આધુનિક જીવનશૈલીથી વધુ ગ્રામ્ય જીવન તેમને મન વધું અનુકૂળ છે, તેવું આ નિબંધસંગ્રહમાંથી આપણે પામી શકીએ છીએ.

સંદર્ભ:- 'માટી અને મોભ'- પટેલ રામચંદ્ર, નિશા પોળ, ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૦, મૂલ્ય રૂ. ૭૫.